Extra No. 186

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **SATURDAY, MAY 31, 2025 / JYAISTHA 10, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી મે, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **નાણા વિભાગ**ના તારીખઃ **૨૮મી માર્ચ, ૨૦૨૫**ના સરકારી જાહેરનામા **ક્રમાંક.(જીએચએન-૩૫)/વીએઆર-૨૦૨૫(૫૦)/જીએસટી સેલ.**-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Gujarat Value Added Tax Rules, 2006

ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા નિયમો, ૨૦૦૬ સુધારવા સંબંધી

જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી માર્ચ, ૨૦૨૫

ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩.

ક્રમાંક.(જીએચએન-૩૫)/વીએઆર-૨૦૨૫(૫૦)/જીએસટી સેલ:- ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૯૮ હેઠળ કાઢવા ધારેલો જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ ૯૮ની પેટા-કલમ (૪)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી પંદર દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુક્ત મુદત પૂરી થયે અથવા તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યક્તિ તરફથી ગુજરાત સરકારના અગ્ર સચિવ, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કોઈ વાંધો અથવા સૂચન મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩.

ક્રમાંક. (જીએચએન-૩૫)/વીએઆર-૨૦૨૫(૫૦)/જીએસટી સેલ:- ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ, ૨૦૦૩ (સન ૨૦૦૫ના ગુજરાતના ૧લા)ની કલમ ૯૮ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા નિયમો, ૨૦૦૬ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો ગુજરાત મૂલ્યવર્ધિત વેરા (સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. ગુજરાત મૂલ્યવર્ધિત વેરા નિયમો, ૨૦૦૬ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૧૯માં,-

(ક) પેટા-નિયમ (૨)માં, ખંડ (૧)માં, નીચેના પરંતુકો દાખલ કરવા:-

"પરંતુ રજિસ્ટર થયેલા વેપારીએ અગાઉની વેરા મુદતો માટે આવું પત્રક (રિટર્ન) પૂરું પાડેલ ન હોય, તો તેને તેવી વેરા મુદત માટે આવું પત્રક પૂરું પાડવાની પરવાનગી આપવામાં આવશે નહિ:

વધુમાં, રજિસ્ટર થયેલા વેપારીએ પેટા-નિયમ (૫) હેઠળ પત્રક પૂરું પાડવું જરૂરી હોય તેવું પત્રક પેટા-નિયમ (૫) હેઠળની કોઈપણ મુદત માટે તેના દ્વારા પૂરું પાડવામાં આવ્યું ન હોય, તો આ નિયમ હેઠળ તેને પત્રક પૂરું પાડવાની પરવાનગી આપવામાં આવશે નહિ:

વળી રજિસ્ટર થયેલા વેપારીએ અથવા રજિસ્ટર થયેલા વેપારીઓના વર્ગે, અગાઉની કોઈ એક અથવા વધુ વેરા મુદતો માટે પત્રક પૂરું પાડેલ ન હોય અથવા પેટા-નિયમ (૫) હેઠળ નિર્દિષ્ટ કોઈપણ એક અથવા વધુ વેરા મુદતો માટે પત્રકો પૂરા પાડેલ ન હોય, તો પણ સરકાર, જાહેરનામાથી, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતો અને નિયંત્રણોને અધીન, તેમને આવું પત્રક પૂરું પાડવાની પરવાનગી આપી શકશે.";

(ખ) પેટા-નિયમ (૫)ને બદલે નીચેનો પેટા-નિયમ મૂકવો:-

"(૫) (ક) અનુસૂચિ ૩ના અનુક્રમાંક ૧, ૨, ૪ અથવા ૫માં ઉલ્લેખેલ કોઈ માલની તજવીજ કરતા આયાતકાર અથવા ઉત્પાદક અથવા ઓઈલ માર્કેટિંગ કંપની હોય તેવા દરેક રજિસ્ટર થયેલા વેપારીએ, જે મહિના સંબંધિત પત્રક હોય તે મહિનાના અંતથી ત્રીસ દિવસની અંદર, નમૂના ૨૧૨-ક-ની સાથે નમૂના ૨૧૨માં માસિક પત્રક પૂરું પાડવું જોઈશે.

(ખ) અનુસૂચિ ૩ના અનુક્રમાંક ૧, ૨, ૪ અથવા ૫માં ઉલ્લેખેલ કોઈ માલની તજવીજ કરતા હોય તેવા ખંડ (ક)માં ઉલ્લેખેલ વેપારી સિવાયના રજિસ્ટર થયેલ દરેક વેપારીએ, જે મહિના સંબંધિત પત્રક હોય તે મહિનાના અંતથી ત્રીસ દિવસની અંદર, નમૂના ૨૧૩માં માસિક પત્રક પૂરું પાડવું જોઈશે.

પરંતુ ખંડ (ક)માં ઉલ્લેખેલ, તે જ રજિસ્ટ્રેશન નંબરથી છૂટક વેપાર કરતા રજિસ્ટર થયેલ વેપારીએ પણ આવું પત્રક પૂરું પાડવું જોઈશે.

(ગ) રજિસ્ટર થયેલ વેપારી દ્વારા સદરહુ પેટા-નિયમો હેઠળ અગાઉની કોઈપણ વેરા મુદતો માટે પત્રક પૂરું પાડવામાં આવેલ ન હોય, તો તેને ખંડ (ક) અથવા ખંડ (ખ)માં નિર્દિષ્ટ વેરા મુદત માટે પત્રક પૂરું પાડવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

પરંતુ રજિસ્ટર થયેલા વેપારીએ અથવા રજિસ્ટર થયેલા વેપારીઓના વર્ગે, અગાઉની કોઈ એક અથવા વધુ વેરા મુદતો માટે આવાં પત્રકો પૂરા પાડેલ ન હોય, તો પણ સરકાર, જાહેરનામાથી, તેમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતો અને નિયંત્રણોને અધીન, તેમને આવું પત્રક પૂરું પાડવાની પરવાનગી આપી શકશે.".

૩. સદરહુ નિયમોમાં, નમૂના-૨૦૧-કમાં, "ક. રજિસ્ટર્ડ થયેલા વેપારીને માલના કરેલા વેચાણ દર્શાવતી યાદી:" એ શિર્ષક હેઠળના કોષ્ટકને બદલે, નીચેનું કોષ્ટક મૂકવું:-

"કોષ્ટક

અનુક્રમાંક	વેરા ભરતિયા નંબર	તારીખ	જેને માલ વેચ્યો હોય તે રજિસ્ટર થયેલા વેપારીના રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર નંબર સહિત તેનું નામ		વેરાપાત્ર માલના વેચાણનું ટર્નઓવર					
			(ક)		(ખ)					
			(૧) નામ	(૨) રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર નંબર	એચએસએન કોડ ધરાવતો માલ	માલનો જથ્થો (લિટરમાં)	માલનું મૂલ્ય	વેરો	વધારાનો વેરો	કુલ
૧										
૨										
૩										
કુલ										".

૪. સદરહુ નિયમોમાં, નમૂના-૨૦૧ખમાં, "ક. રજિસ્ટર્ડ થયેલા વેપારી પાસેથી માલની કરેલી ખરીદી દર્શાવતી યાદી:" એ શિર્ષક હેઠળના કોષ્ટકને બદલે, નીચેનું કોષ્ટક મૂકવું:-

"કોષ્ટક

અનુક્રમાંક	વેરા ભરતિયા નંબર	તારીખ	જેની પાસેથી માલ ખરીદેલ હોય તે રજિસ્ટર થયેલા વેપારીના રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર નંબર સહિત તેનું નામ		વેરાપાત્ર માલની ખરીદીનું ટર્નઓવર					
			(ક)		(ખ)					
			(૧) નામ	(૨) રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર નંબર	એચએસએન કોડ ધરાવતો માલ	માલનો જથ્થો (લિટરમાં)	માલનું મૂલ્ય	વેરો	વધારાનો વેરો	કુલ
૧										
૨										
૩										
કુલ										".

૫. સદરહુ નિયમોમાં, નમૂનો-૨૧૨ પછી, નીચેનો નમૂનો દાખલ કરવો:-

"નમૂનો-૨૧૨ક

(જુઓ નિયમ ૧૯(૫))

.....ના મહિના માટે દૈનિક આરએસપી (RSP)ની વિગતો

રજિસ્ટ્રેશન નં.:.....

વેપારી (ડીલર)નું નામ:.....

અનુ-ક્રમાંક	ખરીદનાર વેપારીનું નામ	ખરીદનાર વેપારીનો વેટ ટીન (VAT TIN)	તારીખવાર છૂટક વેચાણ કિંમત (RSP)ની વિગતો											
			તારીખ/મહિનો/વર્ષ				-				તારીખ/મહિનો/વર્ષ			
			બ્રાન્ડેડ સિવાયનું મોટર સ્પિરિટ (સામાન્ય રીતે પેટ્રોલ તરીકે જાણીતું)	બ્રાન્ડેડ મોટર સ્પિરિટ (સામાન્ય રીતે પેટ્રોલ તરીકે જાણીતું)	હાઇસ્પીડ ડિઝલ (બ્રાન્ડેડ સિવાયનું)	હાઇસ્પીડ ડિઝલ (બ્રાન્ડેડ)					બ્રાન્ડેડ સિવાયનું મોટર સ્પિરિટ (સામાન્ય રીતે પેટ્રોલ તરીકે જાણીતું)	બ્રાન્ડેડ મોટર સ્પિરિટ (સામાન્ય રીતે પેટ્રોલ તરીકે જાણીતું)	હાઇસ્પીડ ડિઝલ (બ્રાન્ડેડ સિવાયનું)	હાઇસ્પીડ ડિઝલ (બ્રાન્ડેડ)
														".

૬. સદરહુ નિયમોમાં, વિદ્યમાન નમૂનો-૨૧૩ને બદલે, નીચેનો નમૂનો મૂકવો:-

"નમૂનો-૨૧૩

(જુઓ નિયમ ૧૯(૫))

.....ના મહિના માટે દૈનિક હિસાબ (એકાઉન્ટ)ની વિગતો

રજિસ્ટ્રેશન નં.:.....

વેપારી (ડીલર)નું નામ:.....

[૧] બ્રાન્ડેડ સિવાયનું મોટર સ્પિરિટ (સામાન્ય રીતે પેટ્રોલ તરીકે જાણીતું):-

કોષ્ટક

તારીખ	ઉઘડતો સ્ટોક જથ્થામાં (લિટર)	ખરીદી			તાપમાનમાં તફાવત અને આવા અન્ય કારણોને લીધે માપ દ્વારા મેળવેલ લાભ (જથ્થો લિટરમાં)	કોલમ [(૨) +(૩) +(૬)નો કુલ સરવાળો	સંગ્રહ અથવા પરિવહનમાં અથવા લિકેજ, બાષ્પીભવન, તાપમાનમાં તફાવત અને આવા અન્ય કારણોને લીધે માપ દ્વારા થયેલ નુકસાન (જથ્થો લિટરમાં)	વેચાણ				આગળ ખેંચેલો સ્ટોક જથ્થામાં (લિટર) [(૭)-(૮)-(૯)]
		જથ્થો (લિટર)	(વેરા સહિત) કુલ ભરતિયા કિંમત	વેટ (VAT)ની રકમ				જથ્થો (લિટર)	છૂટક વેચાણ કિંમત (RSP)	કુલ કિંમત	આઉટપુટ વેરા (ચૂકવવાપાત્ર કુલ વેટ)	
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)	(૯)	(૧૦)	(૧૧)	(૧૨)	(૧૩)
કુલ સરવાળો												

[૨] બ્રાન્ડેડ મોટર સ્પિરિટ (સામાન્ય રીતે પેટ્રોલ તરીકે જાણીતું):-

કોષ્ટક

તારીખ	ઉઘડતો સ્ટોક જથ્થામાં (લિટર)	ખરીદી			તાપમાનમાં તફાવત અને આવા અન્ય કારણોને કારણે માપ દ્વારા મેળવેલ લાભ (જથ્થો લિટરમાં)	કોલમ [(૨) +(૩) +(૬)નો કુલ સરવાળો	સંગ્રહ અથવા પરિવહનમાં અથવા લિકેજ, બાષ્પીભવન, તાપમાનમાં તફાવત અને આવા અન્ય કારણોને કારણે માપ દ્વારા થયેલ નુકસાન (જથ્થો લિટરમાં)	વેચાણ				આગળ ખેંચેલો સ્ટોક જથ્થામાં (લિટર) [(૭)-(૮)-(૯)]
		જથ્થો (લિટર)	(વેરા સહિત) કુલ ભરતિયા કિંમત	વેટ (VAT)ની રકમ				જથ્થો (લિટર)	છૂટક વેચાણ કિંમત (RSP)	કુલ કિંમત	આઉટપુટ વેરા (ચૂકવવાપાત્ર કુલ વેટ)	
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)	(૯)	(૧૦)	(૧૧)	(૧૨)	(૧૩)
કુલ સરવાળો												

[૩] હાઈસ્પીડ ડિઝલ (બ્રાન્ડેડ સિવાયનું):-

કોષ્ટક

તારીખ	ઉઘડતો સ્ટોક જથ્થામાં (લિટર)	ખરીદી			તાપમાનમાં તફાવત અને આવા અન્ય કારણોને કારણે માપ દ્વારા મેળવેલ લાભ (જથ્થો લિટરમાં)	કોલમ [(૨) +(૩) +(૬)નો કુલ સરવાળો	સંગ્રહ અથવા પરિવહનમાં અથવા લિકેજ, બાષ્પીભવન, તાપમાનમાં તફાવત અને આવા અન્ય કારણોને કારણે માપ દ્વારા થયેલ નુકસાન (જથ્થો લિટરમાં)	વેચાણ				આગળ ખેંચેલો સ્ટોક જથ્થામાં (લિટર) [(૭)-(૮)-(૯)]
		જથ્થો (લિટર)	(વેરા સહિત) કુલ ભરતિયા કિંમત	વેટ (VAT)ની રકમ				જથ્થો (લિટર)	છૂટક વેચાણ કિંમત (RSP)	કુલ કિંમત	આઉટપુટ વેરા (ચૂકવવાપાત્ર કુલ વેટ)	
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)	(૯)	(૧૦)	(૧૧)	(૧૨)	(૧૩)
કુલ સરવાળો												

[૪] હાઈસ્પીડ ડિઝલ (બ્રાન્ડેડ):-

કોષ્ટક

તારીખ	ઉઘડતો સ્ટોક જથ્થામાં (લિટર)	ખરીદી			તાપમાનમાં તફાવત અને આવા અન્ય કારણોને કારણે માપ દ્વારા મેળવેલ લાભ (જથ્થો લિટરમાં)	કોલમ [(૨) +(૩) +(૬)નો કુલ સરવાળો	સંગ્રહ અથવા પરિવહનમાં અથવા લિકેજ, બાષ્પીભવન, તાપમાનમાં તફાવત અને આવા અન્ય કારણોને કારણે માપ દ્વારા થયેલ નુકસાન (જથ્થો લિટરમાં)	વેચાણ				આગળ ખેંચેલો સ્ટોક જથ્થામાં (લિટર) [(૭)-(૮)-(૯)]
		જથ્થો (લિટર)	(વેરા સહિત) કુલ ભરતિયા કિંમત	વેટ (VAT)ની રકમ				જથ્થો (લિટર)	છૂટક વેચાણ કિંમત (RSP)	કુલ કિંમત	આઉટપુટ વેરા (ચૂકવવાપાત્ર કુલ વેટ)	
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)	(૯)	(૧૦)	(૧૧)	(૧૨)	(૧૩)
કુલ સરવાળો												

[૫] વેરા ચુકવણીની વિગતો:-

(એ)	ઉત્પાદન વેરો			
	અનુક્રમાંક	મોટર સ્પિરિટ	રકમ (રૂ.)	રકમ (રૂ.)
	(૧)	બ્રાન્ડેડ સિવાયનું મોટર સ્પિરિટ (સામાન્ય રીતે પેટ્રોલ તરીકે જાણીતું)		
	(૨)	બ્રાન્ડેડ મોટર સ્પિરિટ (સામાન્ય રીતે પેટ્રોલ તરીકે જાણીતું)		
	(૩)	હાઈસ્પીડ ડિઝલ (બ્રાન્ડેડ સિવાયનું)		
	(૪)	હાઈસ્પીડ ડિઝલ (બ્રાન્ડેડ)		
	ચૂકવવાપાત્ર કુલ વેરા (એ)			
(બી)	વેરા શાખ			
	પાછલી વેરા મુદતમાંથી આગળ ખેંચેલ વેરા શાખ			
	(૧)	બ્રાન્ડેડ સિવાયનું મોટર સ્પિરિટ (સામાન્ય રીતે પેટ્રોલ તરીકે જાણીતું)		
	(૨)	બ્રાન્ડેડ મોટર સ્પિરિટ (સામાન્ય રીતે પેટ્રોલ તરીકે જાણીતું)		
	(૩)	હાઈસ્પીડ ડિઝલ (બ્રાન્ડેડ સિવાયનું)		
	(૪)	હાઈસ્પીડ ડિઝલ (બ્રાન્ડેડ)		
	કુલ આઈટીસી (ITC)			
	બાદ: ઘટાડો, કોઈ હોય તો તે			
	ચોખ્ખી આઈટીસી (ITC) (બી)			
(સી)	ચૂકવવાપાત્ર ચોખ્ખો વેરો (એ)-(બી)			
(ડી)	ચૂકવેલો વેરો			
(ઈ)	સિલક [(સી)-(ડી)]			

નોંધ:

અનુક્રમાંક [૧] થી [૪]માં ઉલ્લેખેલી વિગતો, સંબંધિત મહિનાના તમામ દિવસો માટે પૂરી પાડવાની રહેશે. તેમ છતાં, અનુક્રમાંક [૫]માં ઉલ્લેખેલી વિગતો, મહિના દીઠ એકત્રિત સ્વરૂપે પૂરી પાડવાની રહેશે.".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડૉ. નિસર્ગ જોષી,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.06.27 22:08:31 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar